Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
Volume-13, Issue-4, March-2020
www.researchguru.net

# ઐતિહાસિક નવલકથાકાર કનૈયાલાલ મુનશી

**Pravin C. Shekh**
**Ph.D. Scholar Department of History and Culture Gujarat Vidyapith, Ahmedabad**

***સારાંશ:***

*ઐતિહાસિક નવલકથાકાર તરીકે મુનશી ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવી સ્થાન પ્રાપ્ત કરનાર સર્જક છે. પોતાની ઐતિહાસિક નવલકથામાં મુનશી જે સૃષ્ટિ રચે છે તેની સાથે તેના વિવિધ તત્વો સુસંગત રીતે ગોઠવાઈ જતા હોય છે. તેમાં મુનશીની નવલકથાકાર તરીકેની સિદ્ધિ રહેલી છે. મુનશીએ 'ગુજરાતની અસ્મિતા'નો આદર્શ પ્રજા સમક્ષ મૂકવાનું એક ઐતિહાસિક કામ કર્યું. ૧૯મી સદીના અંતમાં અને ૨૦મી સદીના આરંભમાં જ્યારે આપણા દેશનો ઈતિહાસ બદલી રહ્યો હતો ત્યારે દેશના જુદા-જુદા પ્રદેશોમાં સર્જકોએ ભૂતકાળની ગૌરવગાથાઓ નીરૂપવાનું અને પ્રાદેશિક તેમજ રાજકીય ભાવનાને સંકોરવાનું કામ કર્યું છે. મુનશીએ ઐતિહાસિક નવલકથાઓમાં ઈતિહાસને અવગણીને કાળવ્યુત્ક્રમનો દોષ વહોરી લીધો છે, છતાં પણ નવલકથામાં તેમણે વાર્તાસંયોજનની જે સિદ્ધિ દાખવી છે તે આજ સુધી અદ્વિતીય છે*

**પ્રસ્તાવના:**

૩૦મી ડીસેમ્બર ૧૮૮૭ ના રોજ ભરૂચમાં જન્મેલા કનૈયાલાલ મુનશી જીવનનાં એક જ ફેરામાં અનેક કાર્યો કરી ગયા. મુનશી સાહિત્યકાર ઉપરાંત ઇતિહાસકાર, પત્રકાર, કેળવણીકાર, ધારાશાસ્ત્રી, વહીવટકર્તા, સ્વાતંત્ર્ય સેનાની અને રાજનીતિજ્ઞ હતાં. તેઓ બહુપ્રતિભામુખી હતાં. તેમની બહુમુખી પ્રતિભાનાં નોંધપાત્ર નિદર્શન નાટક, નવલકથા, નવલિકા, જીવનચરિત્ર, પ્રવાસકથા, નિબંધ વગેરે સ્વરૂપની કૃતિઓ તેમજ તેમનાં લેખો અને વ્યાખ્યાનોમાં મળે છે.[1] ગુજરાતની સાહિત્યરસિક જનતામાં મુનશી નવલકથાકાર તરીકે વિશેષ કરીને ઐતિહાસિક નવલકથાઓના સર્જક તરીકે નામના મેળવી છે.

મુનશીએ બધી મળીને સામાજિક, ઐતિહાસિક અને પૌરાણિક એમ ત્રણ પ્રકારની નવલકથા આપી છે. જોકે તેમની ઐતિહાસિક નવલકથાઓ જેટલી કળાપૂર્ણ અને ચિરંજીવ બની છે, તેટલી સામાજિક નવલકથાઓ નથી બની. ફ્રેંચ નવલકથાકાર એલેક્ઝાન્ડર ડૂમાની નવલકથાઓની અને વિશેષ "થ્રી મસ્કેટિયર્સ" અને "કાઉન્ટ ઓફ મોન્ટેક્રિસ્ટો" ની સીધી અસર મુનશીએ ઝીલી છે. તેમ છતાં મુનશીની નવલકથાઓ કેવળ અનુકરણાત્મક બની નથી. મુનશીએ ખાસ કરીને ઐતિહાસિક નવલકથાનાં રૂપ અને રીતિની એવી પરંપરા સર્જી, જેને તેમનાં અનેક અનુગામી સર્જકો અનુસર્યા[2].

**ઐતિહાસિક નવલકથાકાર મુનશી:**

ઐતિહાસિક નવલકથાનો લેખક ભૂતકાળમાં બનેલા બનાવોના માળખા પર નવલકથાનું નિર્માણ કરે છે, પણ આ કલાનિર્માણમાં નવલકથાકારનો ઉદ્દેશ્ય કેવળ ઈતિહાસદર્શન કે ભૂતકાળના બનાવોને યથાતથ રૂપમાં આપણી સમક્ષ રજૂ કરવાનો નથી હોતો. આ કામ તો સમય-સ્થળની ઝીણવટભરી માહિતીનો અભ્યાસી ઇતિહાસકાર જ વધારે સારું કરી શકે. ઐતિહાસિક નવલકથાકારએ ઇતિહાસકારથી ભિન્ન મિજાજનો માનવી છે, એનો આદર્શ ઇતિહાસકારથી ભિન્ન હોઈ છે. ઇતિહાસકારનું લક્ષ્ય એક જ ઈતિહાસદર્શન. જ્યારે ઐતિહાસિક નવલકથાકારનું લક્ષ્યબિંદુ નવલકથા હોઈ છે. ઈતિહાસ એનું સાધન છે, સાધ્ય તો નવલકથા છે. આથી નવલકથાના સર્જકને ઈતિહાસ સાથે છૂટ લેવાનો કે તેમાં ફેરફાર કરવાનો અધિકાર અબાધિત રહે છે. એટલું જ નહિ પરંતુ, એમ કરવાનું નવલકથા માટે અનિવાર્ય પણ બની રહે છે. ઐતિહાસિક નવલકથાકાર વાર્તાને રસમય બનાવવા ઈતિહાસપ્રસિદ્ધ પ્રસંગો અને પત્રોમાં ફેરફાર કરી

તેમાં નવાં પાત્રોને પ્રસંગો કલ્પનાબળે ઉમેરી, પોતાની નવલકથાને જ વફાદાર રહે તે સ્વાભાવિક છે. આ ઉપરાંત, વાચક પણ નવલકથાકાર પાસે ઈતિહાસ નહિ, પણ રસમય વાર્તાની જ અપેક્ષા રાખે છે. આથી ઐતિહાસિક નવલકથાકાર પોતાને અને પોતાના વાચકોને વફાદાર રહેવા ઈતિહાસ સાથે છૂટ લે છે.[3]

આમ, છતાં આ ફેરફારોના ઔચિત્યનો પ્રશ્ન ચર્ચાસ્પદ બન્યો છે. જોકે એના કોઈ નિયમો કરી ઐતિહાસિક નવલકથાકાર પર સ્થાપી શકાયા નથી. એ ફેરફારો ઔચિત્યનો પ્રશ્ન ઐતિહાસિક નવલકથાકારના ઉદેશ્ય સાથે સંબંધિત છે. નવલકથાકારનો આશય ઇતિહાસના તે સ્થળ-સમયનું, તેમાં જીવતા માનવીઓની મહતાનું, તેમનાં ગૌરવનું દર્શન કરવવાનો જ હોય તો તેણે ઇતિહાસના બનવાવોને, તેની મુખ્ય ઘટનાઓ, પાત્રોના માનસ, વાતાવરણ આદિને વફાદાર રહેવું જોઈએ. પણ કેટલાંક નવલકથાકાર એવા હોય છે જેમનો ઉદેશ્ય ઇતિહાસના બનાવોનો આશ્રય લઈ એક રસપ્રદ સર્જનાત્મક નવલકથાની કૃતિ આપવાનો હોય છે. એમની નજર સમક્ષ તો એક માત્ર હોય છે. 'નવલકથા'. ઈતિહાસ ખાતરએ 'નવલકથા'નો ભોગ આપવા માગતા નથી અને આથી નવલકથાના કલાવિધાનને માન આપી તે ઈતિહાસમાં નિ:સંકોચ ફેરફાર કરે છે. મુનશી ઐતિહાસિક નવલકથાના લેખક તરીકે આ બીજા પ્રકારમાં આવે. ઐતિહાસિક નવલકથામાં નવલકથા અને ઈતિહાસ બંનેનું ઔચિત્યપૂર્વકનું સામંજસ્ય કરનારા નવલકથાકારો તો વિરલ છે. મુનશી એક સમર્થ નવલકથાકાર છે તેમ ઈતિહાસદ્રષ્ટા પણ છે.[4]

સામાજિક નવલકથાથી સાહિત્યમાં પ્રવેશ કરનાર મુનશીની ખરી કારકિર્દી ઐતિહાસિક નવલકથાથી શરૂ થાય છે. એમની પહેલી ઐતિહાસિક નવલકથા બહાર પડી ત્યારે ઈ.સ.૧૯૧૬ના મેં માસના 'બુદ્ધિપ્રકાશ'માં શંકરપ્રસાદ રાવલે નોધ્યું : 'આપણા જીવંત વર્તમાનકાળ પાસે આપણા જીવંત અને ઉજ્જવળ ભૂતકાળની પૂજા કરાવતી ખુદ ગુજરાતના ઇતિહાસની નવલકથા તો આ પહેલવહેલી છે.' મુનશીને ઉત્તમ નવલકથાકાર તરીકેની કીર્તિ પણ આ 'પાટણની પ્રભુતા' અને એ પછી પ્રગટ થયેલી 'ગુજરાતનો નાથ' ઈત્યાદી ઐતિહાસિક નવલકથાએ જ મળી છે.[5]

**'પાટણની પ્રભુતા'**

મુનશીની પહેલી ઐતિહાસિક નવલકથા પાટણની પ્રભુતા હતી. આ નવલકથાએ મુનશીને નવલકથાકાર તરીકે ગુજરાતી સાહિત્યમાં માનભર્યું સ્થાન અપાવ્યું છે. જોકે 'પાટણની પ્રભુતા' શરૂઆતની હોઈ તેનું વસ્તુગ્રથન 'ગુજરાતનો નાથ'ના મુકાબલે શિથિલ લાગે, પણ તોય વાચકના રસપ્રવાહમાં સતત નિમગ્ન રાખતી પ્રસંગપરંપરા અને તેનું કલાયુક્ત સંયોજન ગુજરાતી ઐતિહાસિક નવલકથાએ તો 'પાટણની પ્રભુતા 'માં પહેલીવાર જોયું.[6]

પાટણની પ્રભુતા નવલકથા સોલંકીયુગના કર્ણદેવ સોલંકી અને તેના પુત્ર સિદ્ધરાજના સમયના બનાવોને કેન્દ્રમાં રાખીને લખાયેલી નવલકથા છે. મુનશી તેને ઐતિહાસિક નવલકથા તરીકે ઓળખાવે છે, તોપણ 'પાટણની પ્રભુતા'ની ઐતિહાસિકતાનો પ્રશ્ન ચર્ચાસ્પદ બન્યો છે. આ નવલકથામાં મુખ્ય બે પ્રવાહો સમાંતરે વહે છે: એક, કર્ણદેવના અંત સમયે તે સમયના ગુજરાતમાં ચાલતા રાજકીય-ધાર્મિક ઝઘડાનું ચિત્રણ; બીજો, મહારાણી મીનલ અને મહામંત્રી મુંજાલની પ્રણયકથા.

'પાટણની પ્રભુતા'ના ઉપરથી દેખાતા ઐતિહાસિક વસ્તુમાં કલ્પનાનું પણ મિશ્રણ થયું છે. મીનળ-મુંજાલની પ્રણયકથા જે આ નવલકથાનું પ્રધાન અંગ છે તે મુનશીની કલ્પનાનું સર્જન ગણાવી શકાય. મુંજાલ જેવો મહામાત્ય અને ગુજરાતની લોકપ્રિય રાણી પરસ્પર પ્રેમ કરે એ ઐતિહાસિક સત્યની વિરુદ્ધ હોવા ઉપરાંત નૈતિકતાની દ્રષ્ટીએ પણ ચર્ચાસ્પદ મુદો બને છે.[7]

'પાટણની પ્રભુતા'માં મીનલ અને મુંજાલ ઐતિહાસિક પાત્રો છે એ વાત સાચી પણ એમની વચ્ચેના પ્રણય ઈતિહાસસિદ્ધ હકીકત નથી. તે જ પ્રમાણે આનંદસૂરી પણ કલ્પનિક પાત્ર જ છે. આ ઉપરાંત મુંજાલ, મીનલ, જયસિંહ, ઉદો વગેરે પાત્રો નિરૂપાયા છે તે રીતે ઐતિહાસિક કરતાં વિશેષ તો કાલ્પનિક લાગે છે. અને કેટલાંક મહત્વના પ્રસંગો પણ કાલ્પનિક હોઈ તેવા જ છે.[8]

**ગુજરાતનો નાથ:**

'ગુજરાતનો નાથ'ની પ્રસ્તાવનામાં મુનશી નોંધે છે, 'અનેક ઐતિહાસિક પ્રસંગો અને કથાઓની સંકલ્પના કઈ આ વાર્તા લખી છે અને ઐતિહાસિક તત્વો બન્યાં ત્યાં સુધી તેવાં ને તેવાં રાખ્યાં છે.' ઈતિહાસ પ્રત્યે વફાદારી બતાવવાનો મુનશીનો આશય અને પ્રયત્ન આમાં જોઈ શકાય છે. મુનશી કહે છે તેમ આ નવલકથામાં કેટલીક મહત્ત્વની ઐતિહાસિક ઘટનાઓને મૂળ રૂપમાં એમણે સ્વીકારી છે ખરી. માળવાનરેશની પાટણ ઉપરની ચડાઈ અને તે સમયે શાંતુ મહેતાએ કરેલી પાટણની સાચવણી, મીનળદેવીની જાત્રા, ર'નવઘણની હાર, ખેંગારે લીધેલી ચાર પ્રતિજ્ઞાઓ અને તેનું પાલન, હેમચંદ્રાચાર્યની દીક્ષા, વગેરે પ્રસંગો ઈતિહાસસિદ્ધ છે. [9]

**રાજાધિરાજ:**

મુનશીની ઐતિહાસિક નવલકથામાં સોલંકીયુગની ઈતિહાસકથા 'રાજાધિરાજ'માં આગળ વધે છે. પાટણ અને જૂનાગઢ વચ્ચેનું યુદ્ધ વર્ષો સુધી ચાલ્યા કર્યું છે. 'ગુજરાતનાનાથ'માં હતું એ જ રજવાડાનું વાતાવરણ આ કૃતિમાં પણ છે. 'પાટણની પ્રભુતા' અને 'ગુજરાતનો નાથ'ના મુકાબલે આ કથામાં પ્રસંગો ઓછા છે અને ઓછા નાટયતત્ત્ય છે. [10]

**'જય સોમનાથ'**

'જય સોમનાથ' મુનશીની પ્રૌઢ અને સબળ કલમે લખાયેલી ઐતિહાસિક નવલકથા છે. મુનશી આ નવલકથાને ઉપરોક્ત નવલકથાઓની વાર્તામાળાનો મણકો કહે છે, તોપણ આ નવલકથાના પહેલાના સમયની પછીથી લખાયેલી વાર્તા છે. ભીમદેવના સમયમાં મહમૂદ ગઝની ગુજરાત પર ચડી આવ્યો અને તેણે સોમનાથની મૂર્તિનું ખંડન કર્યું તે પ્રસંગે ગુજરાતના રજપૂતોએ સોમનાથના રક્ષણાર્થે જે શોર્ય અને સ્વાપર્ણ દાખવ્યા તેની કથા આમ આલેખાઈ છે. આ કથાના આલેખન વિશે મુનશી પોતાનો ઉદેશ્ય વ્યક્ત કરતાં કહે છે, 'આ વાર્તામાં મારો ઈરાદો સુલતાન મહમૂદનું આક્રમણ ચીતરવાનો નથી, પણ ગુજરાતે કરેલો પ્રતિરોધ વર્ણવવાનો છે.' મુનશીની અન્ય ઐતિહાસિક નવલકથાઓ કરતાં આના રૂપરંગ કંઈક જુદો છે. આ નવલકથાની પ્રસ્તાવનામાં મુનશી લખે છે, ' એની કલ્પના, શૈલી, રચના અને લખાવટમાં ફેર પડ્યો છે, જેટલો ૨૫ વર્ષના અને ૫૦ વર્ષના માણસમાં હોય એટલો તો જરૂર.' પ્રથમની નવલકથાઓ પછી ઘણાં સમય બાદ વર્ષો બાદ આ નવલકથા લખાઈ હતી. તે દરમિયાન મુનશીના વિચારો અને ભાવનાઓમાં પરિવર્તન આવ્યું હોય તે સ્વાભાવિક છે.[11]

**પૃથ્વીવલ્લભ :**

'પૃથ્વીવલ્લભ' પણ ઐતિહાસિક નવલકથા છે. એનું કથાવસ્તુ 'પ્રબંધચિંતામણી'ના 'મુંજરાસા' અને 'મુંજપ્રબંધ' પરથી લેવામાં આવ્યું છે. માલવાનો રાજા મુંજ રસિક હતો, કલા અને કવિતાનો મર્મવિદઅને ચાહક હતો. તેલંગણાના ચાલુક્યરાજ તૈલપને તેણે પંદર-સોળ વાર યુદ્ધમાં હરાવ્યો હતો. સવંત ૧૦૫૨માં એણે ફરીથી તૈલંગણ પર આક્રમણ કર્યું ત્યારે તૈલપે મુંજને હરાવ્યો અને કેદમાં નાખ્યો. સોળ દિવસ સુધી ઘેરઘેર ભીખ મંગાવી અંતે હાથીના પગ નીચે કચડાવી નાખ્યો.[12]

અનેક વિવેચકોના મત પ્રમાણે આ નવકથા શ્રેષ્ઠ છે. ઈ.સ. ૧૯૨૦માં પ્રગટ થયેલી 'પૃથ્વીવલ્લભ' જેટલી વખોડાઈ હતી તેટલી જ

વખણાઇ પણ હતી. આ નવલકથાનું વિષયવસ્તુ ગુજરાતને અડીને આવેલા માળવાનું છે.

**મુનશીની નવલકથાઓમાં ઐતિહાસિક વિકૃતિ:**

મુનશીની ઐતિહાસિક નવલકથાઓમાં ઐતિહાસિક વિકૃતિ થયાનો આક્ષેપ અનેક વિવેચકો તરફથી મૂકવામાં આવ્યો છે. તેના મુખ્ય બે કારણો ગણાવી શકાય. એક, એલેકઝાન્ડર ડ્રૂમાની ઝીલેલી અસર. અને બીજું, અર્વાચીન યુગની પોતાની ઇસ્ટ એવી જીવનભાવનાઓનું તેમણે ઐતિહાસિક સમયક્રમનું ઉલ્લંઘન કરીને પણ સ્વીકારેલું ધોરણ. મુનશીએ તે સમયના પ્રસિદ્ધ પત્રોમાં ફેરફાર કર્યા છે અને કેટલાંક પ્રધાન પાત્રો નવાં સર્જ્યાં છે એમ જોવા મળ્યું છે. આથી તેમની કૃતિઓમાં ઇતિહાસની અવગણના થવા પામી છે. [13]

મુનશીના અભ્યાસીઓની મુખ્ય ફરિયાદ એ છે કે, તેમણે ઐતિહાસિક કથાઓમાં ઇતિહાસની સુપ્રસિદ્ધ ઘટનાઓ તથા વ્યક્તિઓના નિરૂપણમાં ઐતિહાસિક તથ્યોને એ પ્રકારે મરડી-તરડીને રજૂ કર્યા છે કે એ પાત્રોનાં ગૌરવ અને અસલી લોકપ્રસિદ્ધ વ્યક્તિત્વ ખંડિત થયાં છે અને તે કારણે એ પાત્રો તથા તેમની આસપાસના ઐતિહાસિક વાતાવરણનું ચિત્રણ વિકૃત અને વિસંવાદી બનવા પામ્યું છે.[14]

રામલાલ મોદી જેવા ઈતિહાસભક્ત અભ્યાસી, નવલકથાના લેખકને એટલી છૂટ તો આપે છે કે ઐતિહાસિક નવલકથામાં કલ્પિત પાત્રો અને પ્રસંગો તે યોજી શકે, પણ આ સાથે તેઓ એવો આગ્રહ પણ રાખે છે કે, લેખક ઐતિહાસિક અને કાલ્પનિક પાત્રો વચ્ચે પારસ્પરિક કલ્પિત સંબંધો બાંધે તે ન ચાલે, કેમ કે આવા કલ્પિત સંબંધોને લઈને વાચકો ઈતિહાસ વિશે ભ્રામક ખ્યાલો ધરાવતા થઈ જાય અને ગેરરસ્તે દોરવાઈ જાય. તેઓ એ બાબતે પણ આગ્રહી છે કે, નવલકથામાં લેખકે કોઈ રાજાનો સમગ્રરાજ્યકાળ આવરી લીધો હોય તો ઇતિહાસનો એક પણ અગત્યનો પ્રસંગ કથામાંથી બાકાત રાખી શકાય નહિ.[15]

'પાટણની પ્રભુતા' અને 'ગુજરાતનો નાથ' નવલકથાઓએ સાહિત્યમાં ઘુમરીઓ પેદા કરી હતી. એમની પ્રણાલિકાભંજકવૃતિ-પ્રવૃત્તિથી સમાજનો ચુસ્ત વર્ગ તો ચોંકેલો હતો જ. ત્યારબાદ મુનશીની ઐતિહાસિક નવલકથામાં ઈતિહાસ સાથે અણઘટતી છૂટ લેવા માટે સાક્ષરોનો પણ એક વર્ગ તેમનાં પર ખફા થયો. ઈંગ્લેન્ડમાં વોલ્ટર સ્કોટ જ્યારથી ઐતિહાસિક નવલકથાનું ક્ષેત્ર ખેડવા માંડ્યું ત્યારથી ઈતિહાસ અને નવલકથા વચ્ચેના સંબંધની ચર્ચાઓ ત્યાં જાગવા માંડી હતી. વાર્તાકારે ઐતિહાસિક નવલકથા ન જ લખવી એવી પણ એક આગ્રહભરી વૃતિ એ સમયે ત્યાં હતી. ઐતિહાસિક નવલકથામાં ઈતિહાસ અને નવલકથા બંને બગડે છે એવો એ વર્ગનો દ્રઢ અભિપ્રાય હતો.[16]

મુનશીએ ઐતિહાસિક નવલકથા વિષેનાં પોતાનાં મંતવ્યો 'ઐતિહાસિક પાત્રો અને તેનું નિરૂપણ' નામનાં વ્યાખ્યાન દ્વારા પ્રગટ કર્યા છે. મુનશીની દ્રષ્ટીએ: "નવલકથાકારની કલ્પના અને સર્જકતાને સ્વાભાવિકતાનાં જ બંધનો હોઈ છે. એટલે કે માનવસ્વભાવની શક્યતા-અશક્યતાની જે મર્યાદાતે જ માત્ર ઐતિહાસિક નવલકથાકારની મર્યાદા."[17]

**ઉપસંહાર:**

મુનશીની ઐતિહાસિક નવલકથાઓમાં સ્વદેશપ્રેમ અને ગુજરાતની અસ્મિતાનો મુખ્ય જીવનસંદેશ પડઘાય છે. કીર્તિદેવ, મુંજાલ, આનંદસૂરી વગેરેમાં વિવિધ કક્ષાની ઊછળતી દેશભક્તિનું દર્શન થાય છે. મુનશીની કૃતિઓમાંથી પ્રાપ્ત થતા જીવનસંદેશ અંગે રવિશંકર મ. જોશી લખે છે: 'મુનશીએ કાર્ય કરવાનો મંત્ર- જીવનમાં ચેતન પ્રગટાવવાનો મંત્ર ગુજરાતમાં ફૂંક્યો છે. ગાંધીજીએ ગુજરાતમાં ચેતનનો તણખો એક દિશાએથી મૂક્યો તો મુનશીએ અન્ય દિશાએથી મૂક્યો.

## પાદનોંધ

1 દેસાઈ, મહેબૂબ (૨૦૧૭) *ઈતિહાસ વિરાસત,* અમદાવાદ: ગૂર્જર સાહિત્ય પ્રકાશન. પૃ. ૫૫

2 નાયક રતિલાલ અને પટેલ સોમાભાઈ (૨૦૦૯) *કનૈયાલાલ મુનશી (સર્જક-પ્રતિભા શ્રેણી),* અમદાવાદ: . આદર્શ પ્રકાશન પૃ.૩૮

3 એજન પૃ. ૭૪

4 એજન પૃ. ૭૪

5 એજન પૃ. ૭૫

6 દાવલપુરા બાબુ (૨૦૦૭) *કનૈયાલાલ મુનશી : વ્યક્તિત્વ અને વાડમય,* અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન પૃ. ૧૮૨

7 ઉપરોક્ત નાયક રતિલાલ પૃ. ૭૧

8 ઝવેરી મનસુખલાલ (૧૯૮૩), *ગુજરાતી ગ્રંથકાર શ્રેણી-૧૪ : કનૈયાલાલ મુનશી,* અમદાવાદ કુમકુમ . પ્રકાશન પૃ. ૨૬

9 ઉપરોક્ત નાયક રતિલાલ પૃ. ૭૩

10 ઉપરોક્ત ઝવેરી મનસુખલાલ પૃ. ૩૧

11 ઉપરોક્ત નાયક રતિલાલ પૃ. ૯૪

12 મુનશી કનૈયાલાલ માણેકલાલ (પુનમુદ્રણ:૨૦૦૪) *પૃથ્વીવલ્લભ,* અમદાવાદ ભારતીય વિદ્યાભવન વતી . ગૂજર પ્રકાશન

13 ઉપરોક્ત નાયક રતિલાલ પૃ. ૫૩

14 ઉપરોક્ત દાવલપુરા બાબુ પૃ. ૧૧૧

15 માસ્તર ધર્મેન્દ્ર, પ્રશાંત, અને પંડ્યા ઉપેન્દ્ર (સંપાદકો), (૧૯૮૮) *કનૈયાલાલ માણેકલાલમુનશી : જન્મશતાબ્દી અધ્યયનગ્રંથ,* ભરૂચ: કુલપતિ ક. માં. મુનશી જન્મશતાબ્દી સમિતિ પૃ. ૨૧૭

16 પારેખ મધુસૂદન (૧૯૬૭) *કનૈયાલાલ મા. મુનશી સાહિત્ય જીવન અને પ્રતિભા,* મુંબઈ: સુ. રામકૃષ્ણન . કાર્યવાહક મંત્રી ભારતીય વિદ્યાભવન ચોપાટી, પૃ. ૬૧

17 એજન પૃ.૬૨